**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૨ ટકા

# શહેરના વેપારીઓને "ઓનલાઈન શોપીંગ"નું ગ્રહણ

## કરીયાણાથી લઈને કપડાં સુધીનુ શોપીંગ ઓનલાઈન થવા લાગ્યુ છે : કોરોના કાળમાં ફળો અને શાકભાજીની ખરીદી પણ ઓનલાઈન થતાં સ્થાનિક વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા



ગાંધીનગર, તા. ૩૦

છેલ્લા કેટલાક સમયથી ઓનલાઈન શોપીંગનો ક્રેઝ વધતાં સ્થાનિક વ્યાપારમાં ઓટ આવી છે. કપડાં અને અન્ય એસેસરીઝની ખરીદી તો ઓનલાઈન કરવાનો ક્રેઝ છેલ્લા ત્રણ-ચાર વર્ષોમાં ખૂબ વધ્યો છે પરંતુ કોરોનાકાળમાં શાકભાજી, કરીયાણુ અને અન્ય ચીજવસ્તુઓની ખરીદી ઓનલાઈન થતાં સ્થાનિક વ્યાપાર ઘટ્યો છે અને સ્થાનિક બજારોમાં મંદી જોવા મળી રહી છે.

ઓનલાઈન શોપીંગ આ એક એવી શોધ છે જે લોકોને ઘરમાં બેસીને આરામથી ખરીદી કરવાની સગવડ આપે છે. પોતાને યોગ્ય ઉત્પાદનને પસંદ કરવા માટે દુકાનો ફરવાની જરૂર નહી, અતિ ઉત્સાહી સેલ્સ વ્યક્તિઓ સાથે લાંબા વાર્તાલાપની જરૂર નહી, ચેક આઉટ કાઉન્ટર પર લાંબી લાઈનમાં ઉભા રહેવાની જરૂર નહી. ઈ-કોમર્સની આ તેજીએ આપણી ખરીદીની પદ્ધતિને ચોક્કસપણે બદલીને વધુ સારી બનાવી છે. પરંતુ અન્ય બાબતોની જેમ ઓનલાઈન શોપીંગની દુનિયા લોકલ માર્કેટના દુકાનદારોને નુકશાન પહોંચાડી રહ્યું છે.

ઓનલાઈન માર્કેટ હાલમાં ટ્રેન્ડમાં છે. જેવા કે સ્વીગી, ઝોમાટો, ફલીપકાર્ટ, એમેઝોન શોપીંગ પછી શાકભાજી અને કરિયાણું પણ ઓનલાઈન મંગાવી શકાય છે. લોકડાઉન દરમિયાન કરીયાણું અને શાકભાજીના વેપાર ઓનલાઈન થયા બાદ હમણા પણ કેટલાક લોકો આ સુવિધાનો ઉપયોગ કરી રહ્યા છે. તેથી લોકલ માર્કેટને થોડું ઘણું નુકશાન ભોગવવું પડે છે. દિવસે ને દિવસે વધતા જતા ઓનલાઈન માર્કેટમાં ફ્રોડ પણ થતા હોય છે. મહિલાઓને કપડાની ખરીદીનો ખૂબ શોખ હોય છે. તે સાથે જ પુરૂષો પણ ઓનલાઈન ખરીદીમાં રસ ધરાવે છે. ઈ-કોમર્સ કંપનીઓમાં ગ્રાહકોને આકર્ષવા માટે નવા નવા ઓફર્સ અને સેલ લગાવવામાં આવે છે જેથી ઈ-કોમર્સ માર્કેટ તેજીમાં ચાલી રહ્યું છે. પોતાની મનપસંદ કપડાની ખરીદી ઘરે બેઠા કરવાનો લ્હાવો નવી જનરેશન બહોળા પ્રમાણમાં કરી રહી છે. વિવિધ બ્રાન્ડસ અને સ્ટાઈલીશ કપડાઓ ઓનલાઈન સરળતાથી મળી રહે છે તેથી લોકલ માર્કેટમાં મોટા ભાગના ગ્રાહકો જવાનું ટાળતા હોય છે. ઓનલાઈન ખરીદી બનાવટી એપ અને બનાવટી વેબસાઈટ બનાવીને લોકોને છેતરવાનો ધંધો ખૂબ વધી ગયો છે. ઓનલાઈન ખરીદીમાં ઘરે બેઠા ચીજવસ્તુ મળી જાય છે પણ તેના કારણે સ્થાનિક દુકાનદારોને મોટુ નુકશાન થઈ રહ્યું છે. ઓનલાઈન થઈ રહેલા વિશ્વમાં સાઈબર ક્રાઈમ અને હેકિંગનું પ્રમાણ વધી રહ્યું છે. એના કારણે ઓનલાઈન કરી રહેલા કામ ખૂબ સાવચેતીથી કરવા જોઈએ. હાલના સમયમાં લગભગ બધા જ કામ ઓનલાઈન થતા જાય છે. પરંતુ ઓનલાઈન થઈ રહેલા વિશ્વમાં લોકો સાવચેતીથી કામ કરે તે પણ જરૂરી છે.



"બહું જ નુકશાન થાય છે દુકાનદારોને કેમ અમે બધા ફિક્સ એક્સપેન્સ લઈને બેઠા છીએ અને ગ્રાહકો ઓછા આવે તો ખૂબ લોસ જાય છે."

**- એશ્વર્યા ફેશન, સે. ૨૧, મનોજભાઈ**

●●●



"અમારે પહેલા ત્રણ દુકાનો હતી અને હવે માત્ર એક જ છે. જેનું એક માત્ર કારણ ઓનલાઈન શોપીંગનો વધતો ક્રેઝ છે. ગ્રાહકોની સંખ્યામાં અધધ ઘટાડો થઈ ગયો છે. અમે બ્રાન્ડેડ કપડાનું વેચાણ કરીએ છતાં ગ્રાહકોની સંખ્યા ખૂબ જ ઓછી થઈ ગઈ છે અને બીજું કારણ કોરોના."

**- બેડ બોયઝ, સે. ૩૦, સતીષભાઈ**

●●●



"હું છેલ્લા પાંચ વર્ષથી કપડાની શોપ ચલાઉ છુ, અમારે ત્યાં ઓનલાઈન શોપીંગ વધવાના કારણે ૩૦ ટકા જેટલુ નુકશાન જોવા મળી રહ્યું છે. બ્રાન્ડેડ કપડા માટે લોકો ઓનલાઈન ખરીદી કરતા થયા છે પરંતુ તેમાં પણ અમુક જગ્યાએ કાપડ ખરાબ નીકળતા હોય છે. ઓનલાઈન ખરીદીથી ફ્રોડ પણ થાય છે. મધ્યમ વર્ગના લોકો સ્થાનિક દુકાનોમાંથી જ કપડાની ખરીદી કરતા હોવાથી અમારી શોપમાં એવા કપડા મળી રહે છે. ઉપરાંત ઝુડિયો, મેક્સ જેવા બ્રાન્ડસના કારણો પણ સ્થાનિક દુકાનોમાં ઓછા ગ્રાહકો જાય છે."

**- શ્રીજી ફેશન (પાર્થ), સે. ૨૪**



## જન્મદિને વધામણી



રમીલાબેન કાંતિભાઈ પરમાર
ગાંધીનગર મહાનગર ભાજપ
મો. ૯૯૨૫૭ ૧૫૦૧૧



શિલ્પા ભરત દેસાઈ
પ્રેસીડેન્ટ, ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર
મો. ૮૧૬૦૧ ૨૯૫૮૧



ચાર્વી અનિલ પટેલ



સાધુ કનૈયાલાલ દયારામદાસ

## ગાંધીનગરના સ્થાપના દિને વસાહત મહાસંઘ કેક કાપીને ઉજવણી કરશે

ગાંધીનગર, તા.૩૦

આગામી તા.૨જી ઓગસ્ટ સોમવારના રોજ ગાંધીનગર શહેરનો સ્થાપના દિવસ છે. આ દિવસે શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા ઉજવણીનું આયોજન કરાવવામાં આવે છે. શહેરના વિવિધ સેક્ટરોમાં નાગરિકલક્ષી સમસ્યાઓ ઉકેલવા તંત્ર સમક્ષ રજુઆત કરવાથી માંડીને વિવિધ રચનાત્મક કાર્યક્રમો કરતા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા પાટનગરના સ્થાપના દિવસ નિમિત્તે કેક કાપી ભવ્ય ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સેકટર-૨૧માં વિશ્રામગૃહ ખાતે સોમવારે સવારે ૯.૩૦થી ૧૦.૩૦ કલાક દરમ્યાન આયોજિત કરવામાં આવ્યો છે. કાર્યક્રમમાં સામેલ થવા માટે સંસ્થાના હોદ્દેદારો, વિવિધ સેકટરના સંલગ્ન વસાહત મંડળોના પ્રમુખ તથા મહામંત્રી અને શહેરના આગેવાનોને મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## લાયન્સ કલબ ઓફ ફેમીનાને પ્રથમ વર્ષે જ વિક્રમજનક આઠ એવોર્ડ

### ગાંધીનગરની મહિલા કલબને ૫૦૦ કલબમાંથી બેસ્ટ કલબનો એવોર્ડ





ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં ગત વર્ષે જ નિર્માણ પામેલી સંસ્થા, લાયન્સ કલબ ફેમીના, માત્ર મહિલા સભ્યો ધરાવતી સંસ્થા છે. જે લાયન્સ કલબ ઈન્ટરનેશનલનો હિસ્સો છે. સંસ્થા દ્વારા પ્રથમ વર્ષે જ સુંદર સેવાકીય કાર્યો થકી પોતાની શાખ ઉભી કરી છે. લાયન્સ કલબ ઈન્ટરનેશનલ દ્વારા બેસ્ટ કલબ (પ્લેટિનમ એવોર્ડ), બેસ્ટ પ્રેસિડન્ટ (પ્લેટિનમ એવોર્ડ)ના એવોર્ડઝ ઉપરાંત સેવાકીય કાર્યો-સામાજીક સેવા અર્થે જુદા જુદા આઠ ક્ષેત્રના એવોર્ડઝ એનાયત થયા હતા મમતા રાવલ (ફેમીના પ્રેસિડન્ટ)ને લાયન્સ મલ્ટિપલ ૩૨૩૨ના ૫૦૦ પ્રેસિડન્ટમાં બેસ્ટ પ્રેસિડન્ટ ઓફ મલ્ટિપલનો સૌથી પ્રેસ્ટિજીએસ એવોર્ડ મળ્યો હતો. તદઉપરાંત બેસ્ટ કલબ ઓફ ડિસ્ટ્રિકટની રોટેટીંગ ટ્રોફી પણ ફેમીના કલબના ફાળે આવી હતી. વર્લ્ડ બુક ઓફ રેકોર્ડઝ દ્વારા કોવિડમાં કરેલી કામગીરી બદલ મમતા રાવલને કમીટમેન્ટ એવોર્ડથી સન્માનાયા હતા. મમતા રાવલ દ્વારા સન્માનનો યશ ટીમ ફેમીના, સેક્રેટરી દક્ષા જાદવ તથા ટ્રેઝરર આરતી ભટ્ટને આપી સહુનો આભાર વ્યકત કર્યો હતો. નરેન્દ્ર પટેલ (ડિસ્ટ્રીકટ ગવર્નર), પ્રવિણ છાજેર (પીઆઈડી), નેપાળના પીઆઈડી સંજય ખેતાને ફેમીના કલબ તથા પ્રમુખને હાર્દિક અભિનંદન આપ્યા હતા.

## રવિવારે સે-૧૨માં બલરામ ભવન ખાતે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં છેલ્લાં સાત વર્ષથી ચાલતી પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવે છે.

ઓગસ્ટ માસની પુસ્તક પરબ સેકટર-૧૨માં ઉમિયા મંદિર પાસે બલરામ મંદિર ખાતે તા. ૧લી ઓગસ્ટ રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન યોજાશે. પુસ્તક પરબ સોશીયલ ડિસ્ટન્સના નિયમોની પૂર્ણ કાળજી સાથે યોજાશે. મુલાકાતીઓએ માસ્ક પહેરીને આવવાનું રહેશે. પુસ્તક પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો - સામયિકો પૈકી મુલાકાતીઓ બે પુસ્તક/સામયિક વાંચવા લઈ જઈ શકશે.

માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો દ્વારા ગાંધીનગરમાં આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. પુસ્તકપ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોને પુસ્તક પરબનો લાભ લેવા આત્મન સંસ્થા દ્વારા વિનંતી કરવામાં આવી છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને SODH યોજના અંતર્ગત સ્કોલરશિપનો લાભ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અંતર્ગત કેસીજીની ઉચ્ચશિક્ષણના વિદ્યાર્થીઓને ઉચ્ચગુણવત્તાયુકત સંશોધનોને પ્રોત્સાહન આપવાના હેતુથી અમલમાં મુકાયેલી SODH યોજના હેઠળ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલ દસ પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ કેસીજી દ્વારા મંજુર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત દરેક શોધછાત્રને બે વર્ષ દરમિયાન રાજય સરકાર દ્વારા ચાર લાખનું આર્થિક અનુદાન મળશે જે વિદ્યાર્થીઓના સંશોધન કાર્ય માટે પ્રોત્સાહક બની રહેશે. ચિલ્ડ્રન્સ યુનિ.ના કુલપતિ હર્ષદભાઈ શાહે વિદ્યાર્થીઓ અને માર્ગદર્શકોને આ માટે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનું ગૌરવ

ગાંધીનગર, તા.૩૦

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત કોલેજની વિદ્યાર્થીનીઓ બી.એ. સેમ-૪ અને એમ.એ. સેમ-૧માં યુનિવર્સિટી પરીક્ષામાં મેરિટમાં અવ્વલ ક્રમાંકે આવેલ છે. આરતી રાવલ બી.એ. સેમ-૪માં અંગ્રેજી વિષયમાં, જોશી રિધ્ધિ રાજેન્દ્રભાઈ હોમ સાયન્સ વિષયમાં, સંઘાડા મેઘાબેન વિનોદભાઈ, ચાવડા અંજનાબેન અશોકભાઈ, પટેલ હેમાંગી સુભાષભાઈ તેમજ એમ.એ. સેમ-૧માં અંગ્રેજી વિષયમાં નૃપા હસમુખભાઈ ચૌધરી અવ્વલ નંબરે ઉત્તીર્ણ થઈ છે. તે બદલ અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી તથા અન્ય હોદ્દેદારો, સંસ્થાના આચાર્ય અને સમગ્ર સ્ટાફ પરિવાર દ્વારા વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા છે.

## મહાનગર ભાજપના ડોકટર સેલના સભ્યોએ પ્રમુખની મુલાકાત લીધી

ગાંધીનગર મહાનગર ભાજપાના ડૉકટર સેલના નવનિયુકત પદાધિકારીઓએ શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટની શુભેચ્છા મુલાકાત કરી હતી. કોરોના મહામારીકાળમાં જનતાની અવિરતપણે સેવા કરવા બદલ સૌ તબીબોની કામગીરીને બિરદાવી આભાર વ્યકત કર્યો હતો. સૌ પદાધિકારીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત-સન્માન કરાયું હતું. આ પ્રસંગે મહાનગર ડોકટર સેલના સંયોજક ડૉ. હસમુખ પટેલ તેમજ સહ સંયોજક ડૉ. બંકિમ મોદીએ ડૉકટર સેલની સમગ્ર ટીમ વતી મહાનગરના અધ્યક્ષ ઋચિર ભટ્ટ સમક્ષ આગામી સમયમાં ભાજપાના વિવિધ કાર્યક્રમોમાં ડૉકટર સેલ સક્રિયતાપૂર્વક સહભાગી થઈ ભાજપાના સૈનિક તરીકે પોતાની ફરજ સુપેરે નિભાવશે તેવો નિર્ધાર વ્યકત કર્યો હતો.



## એસ.એસ.વી. શાળામાં પરિણામપત્રકની વહેંચણી

ગાંધીનગરમાં આવેલી એસ.એસ.વી શાળામાં તારીખ- ૨૯/૦૭/૨૦૨૧ ના રોજ ધોરણ ૧૨ સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓને અસલ ગુણ પત્રકની વહેંચણી કરવામાં આવી હતી. શાળામાં પ્રથમ આવેલા A1 તથા A2 ગ્રેડ મેળવેલા વિદ્યાર્થીઓને શાળાના સંચાલક મનિષભાઈ પટેલ તથા પ્રિન્સીપાલ છાયાબેન ભટ્ટના હસ્તે ગુણ પત્રક આપવામાં આવ્યા હતા અને તેમના ભવિષ્યની કારકિર્દી માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.



## જીએમઈઆરએસ મેડિકલ કોલેજમાં પોસ્ટર અને મોડલ કોમ્પીટીશન યોજાઈ

### સર્જનાત્મકતા દ્વારા શિક્ષા અંતર્ગત યોજાયેલી આ સ્પર્ધામાં ૨૫ પ્રોજેક્ટ્સ રજુ કરાયા કોરોના વાયરસ સામે ઇમ્યુન સિસ્ટમની કામગીરીના પ્રોજેક્ટને પ્રથમ સ્થાન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની જીએમઈઆરએસ મેડિકલ કોલેજના ફિઝિયોલોજી વિભાગ દ્વારા પ્રથમ વર્ષ એમબીબીએસના વિદ્યાર્થીઓમાં સર્જનશીલતા રચનાત્મકતા અને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ મળે તે માટે પોસ્ટર અને મોડલ કોમ્પીટીશનનું આયોજન કરાવવામાં આવ્યું હતું. કોલેજ શિક્ષણના ભાગરૂપે યોજાયેલી આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ કોરોના વાયરસનો માનવ શરીરમાં પ્રવેશ પછી કોરોના પ્રતિરોધક રસી દ્વારા કાર્યરત બનતી ઈમ્યુન સિસ્ટમની પ્રતિક્રિયા, રૂધિરાભિષણ તંત્રના કાર્યો, રક્તદાન દ્વારા મેળવેલ રક્તનું દર્દીના શરીરમાં થતું ટ્રાન્સફ્યુઝન, શરીરના તાપમાનનું નિયમન, મહિલાઓના માસિકધર્મની પ્રક્રીયા, સમુદ્રના ઉંડાણમાં માનવ શરીરની કામગીરી, પ્રાણાયામ-ધ્યાનની સ્વાસ્થ્ય પર અસર, કેન્સરમાં સ્ટેમસેલની કામગીરી સહિતના વિવિધ વિષયોને આવરી લેતા મોડેલ્સ અને પોસ્ટર પ્રેઝન્ટેશન તૈયાર કર્યા હતા.

પોસ્ટર અને મોડલ કોમ્પીટીશનના સમાપને કોલેજના ડીન ડો.શોભના ગુપ્તા, ડેપ્યુટી ડાયરેકટર મેડિકલ એજ્યુકેશન ડો.



જસ્મીન દિવાન તથા કરમસદ મેડિકલ કૉલેજના પ્રોફેસર ડો હસમુખ શાહ તથા ફિઝિયોલોજી વિભાગના વડા તથા વિભાગ અને મેડિકલ કોલેજનો તમામ સ્ટાફ હાજર રહ્યો હતો અને તેમણે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને બિરદાવી હતી. અલગ અલગ થીમ આધારિત ૨૫ પ્રોજેક્ટ્સ રજુ કરાયાં હતા. આ સ્પર્ધામાં કોલેજના એમ.બી.બી.એસના પ્રથમ વર્ષના ૨૦૦ વિદ્યાર્થીઓએ આઠ વિદ્યાર્થીની એક ટીમ એવી ૨૫ ટીમ બનાવી ભાગ લીધો હતો અને વિવિધ મોડેલો અંગે સંવાદ અને ચર્ચાના અંતે કોરોના વાયરસ સામે ઈમ્યુન સિસ્ટમની કામગીરીના પ્રોજેક્ટને પ્રથમ સ્થાન આપવા સાથે બેસ્ટ મોડલ્સને વિજેતા જાહેર કરી ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

## જે.બી. પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઈન પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓ માટે બુધવારે કોરોના મહામારીના સમયમાં ધ્યાનમાં રાખવાની બાબતો વિશે માહિતી આપવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ સાથે સેનેટાઈઝર, માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ વિશે ચર્ચા કરાઈ હતી અને વિદ્યાર્થીઓએ જાતે જ માસ્ક બનાવીને તેનું મહત્વ જણાવ્યું હતું અને ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે પર્યાવરણના મહત્વ વિશે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. આ દરમિયાન ૭૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## અરવિંદ કેન્દ્ર ખાતે સ્કૂલ ઓફ ફાઈન આર્ટસની શરૂઆત કરાશે

ગાંધીનગર, તા.૩૦

શ્રી અરવિંદ કેન્દ્ર સેકટર-૨૩ ખાતે સ્કૂલ ઓફ ફાઈન આર્ટસ શરૂ કરાશે જેમાં વિવિધ પ્રકારની ઘણી કલાની આઈટમો શિખવાડવામાં આવશે. જેમાં ૧૫ વર્ષથી વધુ ઉંમરના વ્યકિતઓને શીખવાની મંજૂરી મળશે. વધુ માહિતી માટે મો.નં. ૯૮૯૮૬ ૨૩૩૩૨ પર સંપર્ક કરવા માટે જણાવાયું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર કચરાજી જીવાજી, ઉ.વ. ૬૨, ગીયોડ
- સ્વ. ઠાકોર ગજીબેન બેચરજી, ઉ.વ. ૬૨, બોરીજ
- સ્વ. શ્રીમાળી દત્ત જયંતિલાલ, ઉ.વ. ૩૫, સેકટર-૪
- સ્વ. દંતાણી વર્ષા જશુભાઈ, ઉ.વ. ૧૩, સે-૨૮, છાપરાં